# અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ.

## કન્સેશન ઓફિસ ટ્રાફિક ટેન્ડર નં.૧
## સેન્ટ્રલ ઓફિસ

ટ્રાન્સપોર્ટ હાઉસ,
જમાલપુર દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૨.

ટેન્ડર ફી રૂ.૧૦૦/- અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ રૂ.૪૦,૦૦૦/-
ટેન્ડર ખોલવાની તારીખઃ ૩૧.૦૩.૨૦૧૦ ટેન્ડર ખોલવાનો સમય બપોરના ૩.૦૦ વાગે

| અ.નં. | કામ કરવાની વિગત | અંદાજીત | ઓફર ભાવની વિગત (લાગુ પડતા કરવેરા સહિત) |
|---|---|---|---|
| ૧ | વિધાર્થી પ્રિ-પેઈડ કન્સેશન પાસ, વિધાર્થી મનપસંદ પાસ, મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રી તથા મંદબુધ્ધિ બાળક / વાલીના પાસ તથા સીનીયર સીટીઝન ૬૫ વર્ષથી ઉપર તથા ૭૫ વર્ષથી ઉપરના પાસ તૈયાર કરવા, સોફટવેર ડેવલપ કરી,ડેટા એન્ટ્રી કરી,ડીજીટલ કેમેરા દ્વારા ફોટો કેપચર કરી સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરવા, તથા ડીજીટલ કેમેરા પૂરા પાડવા માટે ૨(બે) વર્ષ માટે એટલે કે સને ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૧૧-૧૨ના બે વર્ષ માટેની કામગીરી માટેનો કોન્ટ્રાકટ આપવા બાબત. | અંદાજે ૧ લાખ ૩૦ હજાર સ્માર્ટકાર્ડની ડેટા એન્ટ્રી કરી પાસ તૈયાર કરી , સંસ્થાને ઈસ્યુ / ડીલીવર કરવા. | ત્રણેય ભાવ અલગથી દર્શાવવાના રહેશે.<br>૧ પાસ માટેની નવી ડેટા એન્ટ્રી.,રીન્યુઅલ ડેટા એન્ટ્રીનો પ્રતિ એન્ટ્રીદીઠનો ભાવ.<br><br>૨ પાસ માટેની ડેટા એન્ટ્રી પરથી સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરવાનો પ્રતિ સ્માર્ટ કાર્ડ પાસ દીઠ ભાવ.<br><br>૩ પાસ માટેની નવી ડેટા એન્ટ્રી, રીન્યુઅલ ડેટા એન્ટ્રી તથા એન્ટ્રી થયા બાદ પાસ તૈયાર કરવા સહિતનો પ્રતિ સ્માર્ટ કાર્ડ પાસદીઠ ભાવ. |

**શરતોઃ-**

૧ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રોકડથી અથવા ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરની ભરવાની રહેશે. ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર ‘’ધી સીટી ઓફ અમદાવાદ ટ્રાન્સપોર્ટ ફંડ‘’ના નામનો આપવાનો રહેશે.

૨ કોન્ટ્રાકટનો સમયગાળો પાર્ટીની ઓફર મુજબ વર્ક ઓર્ડર મળે બે (૨)વર્ષનો રહેશે.

૩ વિધાર્થી પ્રિ-પેઈડ કન્સેશન પાસ,વિધાર્થી મનપસંદ પાસ, મ્યુ.કાઉન્સિલરશ્રી પાસ, મંદબુધ્ધિ બાળક / વાલીના પાસ, સીનીયર સીટીઝન (૬૫ તથા ૭૫ વર્ષથી ઉપરના પાસ) ની કામગીરી માટે સીકયોરીટી ડીપોઝીટ પેટે કોન્ટ્રાકટ વેલ્યુના ૫% મુજબની રકમ રોકડ / ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી જમા કરાવવાની રહેશે તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ સામે સદરહું રકમ એડજસ્ટ થઈ શકશે નહીં.

૪ ડેટા એન્ટ્રીની કામગીરી માટે રૂ.૫૨,૦૦૦/- સીકયોરીટી ડીપોઝીટ પેટે રોકડ / ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી જમા કરાવવાના રહેશે તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ સામે સદરહું રકમ એડજસ્ટ થઈ શકશે નહીં.

૫ જો બન્ને કામના ટેન્ડર એક જ પાર્ટીને આપવામાં આવશે તો, ઉપર મુજબ જ બન્ને માટે અ.નં.૩ તથા ૪ માં દર્શાવ્યા મુજબની સીકયોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. તે જ રીતે બન્ને કામ, અલગ અલગ પાર્ટીને આપવામાં આવશે તો, અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ બન્ને પાર્ટીએ રૂા.૪૦,૦૦૦/- મુજબ ભરવાની રહેશે.

૬ ટેન્ડર મંજુર થયેથી, વર્ક ઓર્ડર આપતા પહેલા સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા.૫૨,૦૦૦/- રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરની ભરવાની રહેશે.

૭ વિધાર્થી પ્રીપેઈડ કન્સેશન પાસ, વિધાર્થી મનપસંદ પાસ, સીનીયર સીટીઝન, મંદ બુધ્ધિ બાળક / વાલી, મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીના પાસ માટેના જરૂરી સોફટવેર ડેવલપ કરવા, સોફટવેર મેઈન્ટેન કરવા, હાલમાં કન્સેશન ખાતે વપરાશમાં લેવામાં આવતા કોમ્પ્યુટર, પ્રિન્ટર, ડીજીટલ / વેબ કેમેરા મેઈન્ટેઈન કરવા, ડીજીટલ કેમેરા પૂરા પાડવા તથા જરૂર મુજબ સુધારા વધારા કરાવવા તેમજ પાસ તૈયાર કરવા અનુભવી અને સક્ષમ ડેટા એન્ટ્રી ઓપરેટર પાસે ડેટા એન્ટ્રી કરાવી, સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરવા, ડેટાની રોજ-બરોજ સોંપણી કરવી તથા સ્માર્ટ કાર્ડ તૈયાર કરી સંસ્થાને પહોંચાડવા સુધીની કાર્યવાહી કરવાની તેમજ સંસ્થાની જરૂરિયાત મુજબના રિપોર્ટ પ્રિન્ટના સ્વરૂપે પૂરા પાડવા, કામગીરીને અનુરૂપ વધારાના કોમ્પ્યુટર, પ્રિન્ટર કે ડીજીટલ કેમેરા મુકવાની જરૂરિયાત ઉભી થાય તો તાકીદનાં ધોરણે મુકવાની તથા મેઈન્ટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરી કામગીરી શરૂ કરવાની રહેશે. હાલમાં રીટ્ઝ હોટલ ખાતે સદર કામગીરી ચાલુ છે ત્યાં રૂબરૂ જઈ જાત માહિતી મેળવી શકાશે.

૮ વિધાર્થી કન્સેશન પાસના નાણાં જે જગાએ સ્વીકારવામાં આવે તે તમામ જગાએ આપના તરફથી અનુભવી તથા સક્ષમ ડેટા એન્ટ્રી ઓપરેટરો ફાળવવાના રહેશે તેમજ દિવસ દરમ્યાન કરેલ કાર્યવાહીનો ડેટા, પાસ તૈયાર કરનાર કોન્ટ્રાકટરને રોજેરોજ સુપરત કરવાનો રહેશે.જો પાસની ડેટા એન્ટ્રી તથા સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરનાર કોન્ટ્રાકટર એક જ હશે તો તૈયાર પાસ જે તે કોન્ટ્રાકટરેજ રોજબરોજ સુપરત કરવાના રહેશે.

૯ રીટ્ઝ હોટલના મેઈન સેન્ટર સિવાય અન્ય જે જે સેન્ટરો પર કે અ.મ્યુ.કો.ના સીટી સિવિક સેન્ટરો પર સદર પાસ કાઢવાની કામગીરી કરવામાં આવે તો જે તે સેન્ટર / સિવિક સેન્ટરનો જે તે દિવસ દરમ્યાનનો ડેટા અન્ય સેન્ટર / સિવિક સેન્ટર પર પણ ટ્રાન્સફર કરી આપવાનો રહેશે. આ કામગીરી રોજે રોજની કરી આપવાની રહેશે.

૧૦ અ.મ્યુ.ટ્રા.સ.ને પાસના અનુસંધાને જે પ્રકારના રિપોર્ટસ ની જરૂરિયાત હોય તે તમામ રિપોર્ટ ખાતાના અધિકારી તથા કન્સેશન ઈન્ચાર્જની સુચના મુજબ તૈયાર કરી આપવાના રહેશે.

૧૧ વિધાર્થીના કન્સેશન પાસમાં જરૂરી સુધારા-વધારા કરવાની જરૂરીયાત ઉભી થાય તો, તે મુજબનો પ્રોગ્રામ સોફટવેરમાં સમાવીને તે મુજબ સધારાના પાસની એન્ટ્રી કરી પાસ કાઢી આપવાનો રહેશે.

૧૨ સરકારી / અર્ધ સરકારી વેરો / ચાર્જ કે સેસમાં ઘટાડો કે વધારો થાય તો તે પ્રમાણે કોન્ટ્રાકટરે અમલ કરવાનો રહેશે.ટેન્ડરમાં આ બાબતની વિગત સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે. ટેક્ષનું માળખું દર્શાવવું.

૧૩ સદર પાસના ફોરમેટમાં સુધારા વધારા કરવાની સત્તા ડે.મ્યુ.કમિશનર / ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રી ની રહેશે અને તે અનુસાર સોફટવેર પ્રોગ્રામ કરી આપવાનો રહેશે.

૧૪ સદર પાસ તૈયાર કરવાના કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન જો કોઈ પ્રશ્ન કે વિવાદ ઉપસ્થિત થશે તો અ.મ્યુ.ટ્રા.સ.મારફતે એક માસની ‘નોટીસ’ આપી કોન્ટ્રાકટ રદ કરી શકાશે.

૧૫ ટેન્ડરરે નવા પાસની ડેટા એન્ટ્રી તથા રીન્યુઅલ પાસ માટેની ડેટા એન્ટ્રી માટે તથા સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરવા માટે ઓફર ભાવની વિગત દર્શાવેલ કોલમમાં અલગ અલગ ભાવ આપવાના રહેશે.

૧૬ કોન્ટ્રાકટ અન્વયે ડેટા એન્ટ્રી ઓપરેટર, ડીજીટલ કેમેરા, ફોટો કેપચર તથા ફોટો સ્કેનીંગની વ્યવસ્થા કોન્ટ્રાકટરે જ કરવાની રહેશે અને તેમ કરવામાં કસુર થયેથી અ.મ્યુ.ટ્રા.સ.ને જાતે વ્યવસ્થા કરવાની ફરજ પડશે તો આ બાબત ગંભીર ગણી તથા તે અંગે થયેલ ખર્ચ બીલમાંથી મજરે લેવામાં આવશે.

૧૭ સરકારી લેવી જેવી કે ઈન્કમટેક્ષ, સરચાર્જ તથા અન્ય સરકારી લેવી કોન્ટ્રાકટર ના શીરે રહેશે.

૧૮ એક વખત ટેન્ડર ઓફર અપાયા બાદ કે ટેન્ડર મંજુર થયા બાદ તે વીથ ડ્રો કરી શકાશે નહીં અને તેમ કરવામાં આવશે તો ભરવામાં આવેલ અર્નેસ્ટમની તથા સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. અધુરી કે અસ્પષ્ટ કે ટેન્ડર બહારની ઓફર બાબતે પણ તે મુજબ જ તજવીજ કરવામાં આવશે.

૧૯ ટેન્ડર મંજુર થયેથી કામગીરી માટે મુકવામાં આવેલ સ્ટાફ કે જરૂરિયાત અનુસારની મશીનરી ફર્નિચર વગેરેને આકસ્મિક કારણસર કોઈપણ પ્રકારની ઈજા / નુકશાન થાય તો તે અંગે અ.મ્યુ.ટ્રા.સ.ની કોઈ જવાબદારી રહેશે નહીં.

૨૦ ઓફર / ટેન્ડર સીલબંધ કવરમાં, કવર ઉપર ટેન્ડર નંબર તથા ટેન્ડર ખોલવાની તારીખ દર્શાવી નિયત તારીખ અને સમય દરમ્યાન દર્શાવેલ સરનામે ટેન્ડર બોક્ષમાં પહોચતું કરવાનું રહેશે. સમય તથા તારીખ મર્યાદા બાદ આવેલ ઓફર / ટેન્ડર રદ થવાને પાત્ર થશે.

૨૧ કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન અ.મ્યુ.ટ્રા.સ., બી.આર.ટી.એસ. કે અન્ય રીતે એક સમાન કાર્ડ પધ્ધતિ અપનાવશે તો કારણ આપ્યા સિવાય જરૂર પડે કોન્ટ્રાકટ બંધ કરી શકાશે.

૨૨ શરતો બાબતે અમલ કરવામાં વિલંબ થશે કે અમલ કરવામાં નહીં આવે તો આ સાથે સામેલ કરેલ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ પેનલ્ટીની શરતો અનુસાર વસુલ લેવામાં આવશે.

૨૩ ડેટા એન્ટ્રી કરવાની તથા પાસ તૈયાર કરવાનો કોન્ટ્રાકટ એકજ પાર્ટીને આપવામાં આવે તો વર્કઓર્ડર મળ્યા તારીખથી તા.૧૪-૬-૧૦ સુધી માત્ર પાસ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે અને તા.૧૫-૬-૧૦થી બંને કામગીરી ચાલુ કરવાની રહેશે.

૨૪ ઉપરોકત શરતો બાબતે કે વિવાદ બાબતે ડે.મ્યુ.કમિશનર / ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**ડે.મ્યુ.કમિશનર / ટ્રાન્સપોર્ટ મેનેજર**

**અ. મ્યુ. ટ્રા. સ.**

**બિડાણઃ**-પેનલ્ટીની શરતોનું સ્ટેટમેન્ટ

ઉપરની શરતો / સુચનાઓ અમોએ વાંચી સમજીને આ ટેન્ડર રજુ કરેલ છે. અર્નેસ્ટમ ડીપોઝીટની રકમ રૂા............પહોંચ નં.................તા....................થી ભરેલ છે. જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરની રકમ ભરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

તારીખ :-

ટેન્ડરરની સહી / સિકકો

નામ :

સરનામું

ફોન નં.
મોબાઈલ નં.

**Traffic Tender-2010/1-4/15032010/D.**

# અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

## પેનલ્ટીની શરતોનું સ્ટેટમેન્ટ :-

(૧) કોન્ટ્રાટકરે અનુભવી તથા સક્ષમ ડેટા એન્ટ્રી ઓપરેટર નિયમિતપણે તથા સમયસર ફાળવવાના રહે છે. જો કોઈપણ સેન્ટર પર ડેટા એન્ટ્રી ઓપરેટર ફાળવવામાં આવશે નહી તો પ્રતિ ડેટા એન્ટ્રી ઓપરેટરની ગેરહાજરી દીઠ રૂા.૫૦૦/- (પાંચસો )ની પેનલ્ટી વસૂલ લેવામાં આવશે. જો નિયત કરેલ સમય પછી મોડા ડેટા એન્ટ્રી ઓપરેટર ફાળવવામાં આવશે તો તેને કોઈપણ સંજોગોમાં ફરજ પર લેવામાં આવશેનહી. અને આવા સંજોગોમાં ડેટા એન્ટ્રી ઓપરેટરની ગેરહાજરી ગણીને ઉપરોકત અનુસાર જ પેનલ્ટીની રકમ વસૂલ લેવામાં આવશે. જાહેર રજા કે બીજા-ચોથા શનિવારની રજાના દિવસોએ પણ ડેટા એન્ટ્રી ઓપરેટર કે સ્ટાફની ફાળવણી કરવાની રહેશે. કસુર થયે ઉપરોકત અનુસારજ પેનલ્ટીની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) કોમ્પ્યુટર,પ્રિન્ટર, ડીજીટલ કેમેરા કે સોફટવેર પ્રોગ્રામમાં ખરાબી ઉપસ્થિત થતાં વૈકલ્પિક વ્યવસ્થા કોન્ટ્રાકટરેજ તાકીદે કરવાની રહે છે. આ વ્યવસ્થા રીપોર્ટ કર્યા સમયના ૨.૦૦ કલાકના સમયગાળામાં કરી આપવાની રહેશે. સદર વ્યવસ્થા ન થયે પ્રતિ બનાવ દીઠ રૂા.૫૦૦/- પેનલ્ટી તરીકે વસૂલ લેવામાં આવશે.

(૩) કોન્ટ્રાકટરે સ્માર્ટકાર્ડ પાસ તૈયાર કરીને ૨૪.૦૦ કલાકના સમયગાળામાં તૈયાર કરી પુરા પાડવાના રહેશે. જાહેર રજા કે બીજા ચોથા શનિવારે કામકાજ બંધ હશે તો આવા દિવસોને ગણતરીમાં લેવામાં આવશે. કસુર થયે પ્રતિ પાસ દીઠ રૂા.૧૦/- પેનલ્ટી સ્વરૂપે વસૂલ લેવામાં આવશે.

(૪) કોમ્પ્યુટર, પ્રિન્ટર કે ડીજીટલ કેમેરા કે સોફટવેર પ્રોગ્રામમાં ખરાબી ઉપસ્થિત થતાં વૈકલ્પિક વ્યવસ્થા કોન્ટ્રાકટરે તાકીદે કરવાની રહે છે. આ વ્યવસ્થા ન થયે અ.મ્યુ.ટ્રા.સ.એ જે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ હશે તેનો ખર્ચ/ચાર્જ બીલમાંથી વસૂલ લેવામાં આવશે.

(૫) સ્માર્ટ કાર્ડ પાસમાં જે તે અરજદારનો ફોટો સુસ્પષ્ટ તથા હાઈ રીઝોલ્યુશનમાં હોવો જોઈએ. આ અંગે ડીજીટલ કેમેરાની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પુરી પાડવની રહેશે. જો ફોટા અસ્પષ્ટ કે ઝાંખા હોય તો તેવા સંજોગોમાં, જો ફરીવાર આ પાસ કાઢી આપવાના સંજોગો ઉપસ્થિત થાય તો, ફરીવારના સ્માર્ટ કાર્ડ પાસનો ચાર્જ ચુકવવામાં આવશે નહી.

**ડે.મ્યુ.કમિશ્નર/ટ્રાન્સપોર્ટ મેનેજર**
**અ.મ્યુ.ટ્રા.સ.**

## અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

ટ્રાન્સપોર્ટ હાઉસ, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ-૨૨.

ટેન્ડર નોટીસ

નીચે દર્શાવેલ કામગીરી માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

**ટેન્ડર ફી** રૂા.૧૦૦ **ઈ.એમ.ડી.** રૂા.૪૦,૦૦૦/

**ટેન્ડર ખોલવાની તારીખ** ૩૧.૩.૨૦૧૦ સમય : બપોરના ૩.૦૦ કલાકે

**કામગીરીની વિગત :** વિધાર્થી પ્રિ-પેઈડ કન્સેશન પાસ, વિધાર્થી મનપસંદ પાસ, મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રી તથા મંદબુધ્ધિ બાળક / વાલીના પાસ તથા સીનીયર સીટીઝન ૬૫ વર્ષથી ઉપર તથા ૭૫ વર્ષથી ઉપરના પાસ તૈયાર કરવા, સોફટવેર ડેવલપ કરી, ડેટા એન્ટ્રી કરી, ડીજીટલ કેમેરા દ્વારા ફોટો કેપચર કરી સ્માર્ટ કાર્ડ પાસ તૈયાર કરવા, તથા ડીજીટલ કેમેરા પૂરા પાડવા માટે ૨(બે) વર્ષ માટે એટલે કે સને ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૧૧-૧૨ના બે વર્ષ માટેની કામગીરી માટેનો કોન્ટ્રાકટ આપવા બાબત.

ટેન્ડર ફીની રકમ સંસ્થાની ટ્રેઝરીમાં રોકડેથી જમા કરાવ્યેથી ટેન્ડર ફોર્મ કામકાજના દિવસો અને સમય દરમ્યાન સવારના ૧૧.૩૦ થી ૨.૦૦ અને બપોરના ૨.૩૦ થી ૪.૦૦ દરમ્યાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ સાથે ઈ.એમ.ડી.ની રકમનો ડ્રાફટ / પે ઓર્ડર, **"ધી સીટી ઓફ અમદાવાદ ટ્રાન્સપોર્ટ ફંડ "**ના નામનો બીડવાનો રહેશે. જો સદર રકમ રોકડેથી જમા કરાવી હશે તો તેની પહોંચની ઝેરોક્ષ નકલ ટેન્ડર ફોર્મ સાથે બીડવાની રહેશે. સદર ટેન્ડર ફોર્મ સંસ્થાની વેબસાઈટ www.egovamc.com ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે અને ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી.ની રકમનો ડ્રાફટ ટેન્ડર ફોર્મ સાથે મોકલવાનો રહેશે.

સીલબંધ ટેન્ડર, ઉપર જણાવેલ સરનામે, સેન્ટ્રલ ઓફિસ ખાતે રાખવામાં આવેલ ટેન્ડર બોક્ષમાં તા. ૩૧.૩.૨૦૧૦ના રોજ બપોરના ૩.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે અને તે જ દિવસે, મુકરર કરેલ સમયે ખોલવામાં આવશે. ઈ.એમ.ડી. વગરનું તથા વિલંબીત સમયનું ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

**- અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા પ્રકાશિત -**

**Traffic Tender-2010/6/15032010/D.**